# ગઝલ-નાદ

--નીનાદ અધ્યારુ

## .૧.(પાન-૨૫)

ધારવું પડશે, હજુ વીચારવું પડશે,
આપણું પાસું  જમા , ઉધારવું પડશે.

ના, નથી સારી બહુ ભીનાશ એનામાં,
આપણે અસ્તીત્વને નીતારવું પડશે.

એક આળસ નામનું ગુમડું થયું તો છે,
એને એક  જ ઝાટકે ઉખાડવું પડશે.

એમનો એક્કેય રીતે પત્ર ના આવ્યો,
લ્યો ! કબુતર આપણે ઉડાડવું પડશે.

શી કલાથી વૃક્ષ કાપ્યું છે, અ..હો..હો..હો..
કામ કઠીયારાનું પણ બીરદાવવું પડશે !

નામનો  જેણે કદીયે મોહ ના રાખ્યો,
નામ એનું આપણે કંડારવું પડશે.

હા, હજી  ઓછું પડે છે  એક મન ‘નીનાદ’,
આપણે  બીજું ય મન ઉગાડવું  પડશે.

## .૨.(પાન-૨૮)

વર્ષાની વાત કરીએ, વાદળની વાત કરીએ,
તું આવ જો અહીં તો, કાજળની વાત કરીએ.

ના મળ મને ભલે તું, એક ‘ફોન’ તો કરી જો,
તો આપણે લખેલા કાગળની વાત કરીએ.

આ આપણી સગાઈ, છે પ્રેમની સગાઈ,
કંકુ ને ચોખા સાથે, શ્રીફળની વાત કરીએ.

છે માણસોય કેવા ! વાતો બધી છુપાવે,
‘નીનાદ’ આપણે તો પળપળની વાત કરીએ.

## .૩.(પાન-૨૯)

એક  બુદબુદા થવાનું હોય છે,
પ્રેમમાં ખુદા થવાનું હોય છે !

ગમવું કે ના ગમવું એના હાથમાં,
આપણે  ફીદા થવાનું હોય છે.

મન ભરીને તું મળી લેજે એને,
આખરે  જુદા થવાનું હોય છે.

એ જ  વખતે યાદ કૈં આવે નહીં,
જયારે અલવીદા થવાનું હોય છે.

આપણે  દેખાવ કરવાનો ‘નીનાદ’
આપણે પરદા થવાનું હોય છે.

## .૪. (અપ્રકાશીત રચના)

કોણ જાણે કોણ આવીને લખાવી જાય છે?
કોણ આ દુઃખતી અમારી રગ દબાવી જાય છે?

કોણ આ સારા અને નરસાના પાડે ભેદ ને,
કોણ આ પીંજરના પોપટને પઢાવી જાય છે?

કોઈ ઈશ્વરને અહીં બેફામ ગાળો આપતું,
કોઈ મંદીરે જઈ, ફુલો ચડાવી જાય છે !

કોઈ મારી ઝુંપડીને બાળવામાં રત સતત,
કોઈ બેસી દુર પણ મહેલો બનાવી જાય છે !

ભુલવાની સાવ છેલ્લી ક્ષણ ઉપર હું હોઉં ત્યાં,
કોઈ આવીને ફરી ચહેરો બતાવી જાય છે.

કોઈ જો અમૃત મળે તો એય તરછોડે ‘નીનાદ’,
ઝેર જેવું ઝેર કોઈ ગટગટાવી જાય છે !

## .૫. (અપ્રકાશીત રચના)

માતા-પીતાની હેલી, ફળીયું અને એ ડે'લી,
જોયા કરું મને હું, ખુદને હજી ઉભેલી.

પીઠીનો રંગ પીળો, તન-મનમાં તાવ ઝીણો,
એ આંસુનું સરોવર, એ પાંપણો નમેલી.

કંકુ તણા એ થાપા, કે કાળજાના કાપા,
આવે છે યાદ આજે, જ્યાં મા મને વઢેલી.

વડવાઈમાં હીંચકતી, શમણાં મહીં વીહરતી,
પથ્થરથી આંબલીને, એ પાડતી સહેલી.

એ બાળપણની રમતો, એ ઢીંગલો જે ગમતો,
'ઘર-ઘર'ની યાદ આવે, ગમતી નથી હવેલી.

## .૬. (પાન-૩૩)

આંખ જયારે આંખથી મળતી હશે,
કેટલી દીવાસળી બળતી હશે ?

હું અહીં ખીલતી કળી જોયા કરું,
એમની ત્યાં આંખ ઉઘડતી હશે ?

હાથમાં પાંપણ છુપાવી એય પણ,
ફુંક મારી યાદ તો કરતી હશે !

પત્ર મારા વાંચીને, ચુમ્યા પછી-
એમની યે આંખ નીતરતી હશે !

જ્યારે જ્યારે હાથમાં મહેંદી રચે,
નામ મારું ક્યાંક તો લખતી હશે !

લાખ દીવાઓ બળે અહીંયા 'નીનાદ'
સાંજ એના ઉંબરે ઢળતી હશે.

## .૭.(પાન-૩૫)

એક આંસુ ઝળહળ્યું છે, કેટલાં વર્ષો પછી ?
કોઈ મનગમતું મળ્યું છે, કેટલાં વર્ષો પછી ?

શહેર આખું, બાગમાં ફેરવાઈ જાશે આજ તો,
કોઈ ઘરથી નીકળ્યું છે, કેટલાં વર્ષો પછી ?

દોસ્ત, મારી આ નવી ગઝલો એ બીજું કૈ નથી,
લોહી મારું ઉકળ્યું છે, કેટલાં વર્ષો પછી ?

આજ કો' આવી ગયું એક રાતમાં ફુટપાથ પર,
આજ કોઈને ઘર મળ્યુ છે, કેટલાં વર્ષો પછી ?

કોઈને હૈયે હરખના લાખ દીવા થાય છે,
કોઈનું હૈયું બળ્યું છે, કેટલાં વર્ષો પછી ?

કેટલાં વર્ષો પછી મહેફીલ જામી છે 'નીનાદ'
કોઈ અંગત નીકળ્યું છે, કેટલાં વર્ષો પછી ?

## .૮.(પાન-૩૭)

વખાણો છો તમે કીંતુ, હવે એવાં સરસ ક્યાં છે ?
કહો દીલથી, હતાં પહેલાં, હવે એવાં વરસ ક્યાં છે ?

તમારી હીમવર્ષાને ન ઓગાળી શક્યો તો શું ?
અમારા સુર્યને ઠારે એવા બરફ ક્યાં છે ?

સવારે ઉઠતાં જોવું પડે છે 'ટી.વી.' નું મોઢું,
'કહું છું , સાંભળ્યું? ઉઠો !' હવે એવા શબદ ક્યાં છે ?

અહીં વેચાય છે પાણી પડીકે, એક રુપીયામાં,
મળે નીઃશુલ્ક શીતળ જળ હવે એવી પરબ ક્યાં છે ?

નીરાંતે બેસીએ હીડોળે, કરીએ પ્રેમની વાતો,
હવે હીલ્લોળ એ ક્યાં છે, હવે એવા હરખ ક્યાં છે ?

જીવનની વાસ્તવીકતાને ઉતારું છું ગઝલમાં હું,
'નીનાદ' શબ્દો રમાડું હું, હવે એવાં કસબ ક્યાં છે ?

.૯.(પાન-૪૦)

એકાદ-બે સળગતા કીસ્સા તો જોઈએ,
ઈતીહાસને જરુરી હીસ્સા તો જોઈએ.

એના વગર અધુરું છે ઘર દરેકનું,
કુરાન, બાઈબલ કે ગીતા તો જોઈએ.

હું દોસ્તો કનેથી શીખ્યો છું આટલું :
વધવું જો હોય આગળ ઈર્ષા તો જોઈએ !

પગમાં ભલે ન બાંધો ઝાંઝર તમે પ્રીયે !
પણ હાથમાં તમારા, હીના તો જોઈએ.

એ એકલા રડે છે, એ વાજબી નથી,
સામાં નયન પણ થોડાં, ભીનાં તો જોઈએ.

હું પ્રેમનો પ્રસ્તાવ મુકી દઉં 'નીનાદ' પણ,
થોડી-ઘણીય એની ઈચ્છા તો જોઈએ !

--નીનાદ અધ્યારુ--

'શ્રી ગઝલ'-- 'પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ' (પ્રકાશકઃ 'રચના' પરીવાર, રાજકોટ,
મુખ્ય વીક્રેતાઃ પ્રવીણ પુસ્તક ભંડાર, મ્યુ.કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
ફોનઃ (૦૨૮૧)ઃ ૨૨૩૨૪૬૦, ૨૨૩૪૬૦૨, મુલ્ય- રુપીયાઃ ૫૫ , પ્રથમ આવૃત્તીઃ ૨૦૦૫,
પુનઃ મુદ્રણ-૨૦૦૫)માંથી સાભાર…

કવી સંપર્ક : 'ઋતવન', ૨- ગોલ્ડન પાર્ક, યુનીવર્સીટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫
ફોનઃ (૦૨૮૧) ૨૫૮ ૩૧૫૬, મોબાઈલઃ ૯૭૨૭૨ ૯૯૯૧૧


'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 140 – –February 10, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in

ગઝલો મહીં સુકુન છે-આરામ છે મને,
તું મંત્ર-તંત્ર-ધ્યાનની વાતો ન કર હવે

◆

વાતો કશી છુપાવવા માગો તમે 'નીનાદ',
ને ત્યાં હૃદયની ઝાંઝરી નીકળે તો શું કરો?

◆



## સર્જક પરીચય

પહેલી એપ્રીલ ૧૯૭૫માં રાજકોટમાં જન્મેલા કવી **શ્રી. નીનાદ અધ્યારુ**, બેન્કીંગ વીષયમાં ગોલ્ડ મેડલ મેળવી બી.કૉમ. થઈ, હાલમાં સેન્ચ્યુરીયન બેન્ક ઓફ પંજાબમાં સેવા બજાવે છે. ગીત, ગઝલ અને મુક્તક-સર્જનમાં વીશેષ પ્રીતી ધરાવે છે. આકાશવાણી, રાજકોટ તથા દુરદર્શન, રાજકોટ પર અવારનવાર એમના કાર્યક્રમો પ્રકાશીત થાય છે. તેમ જ ‘કવીતા’, ‘પરબ’, કાવ્યસૃષ્ટી’, ‘કવીલોક’, ‘ધબક’ જેવાં સાહીત્યીક સામયીકોમાં એમની કૃતીઓ સ્થાન પામે છે. ‘અમર ગઝલો’ અને ‘ માસુમ હવાના મીનારા’ જેવાં સંપાદનોમાંયે એમની ગઝલોનો સમાવેશ થયો છે. આ તેજસ્વી અને આશાસ્પદ યુવા ગઝલકાર નવાં શીખરો સર કરતા રહે તેવી શુભેચ્છાઓ..
-મનસુખ નારીયા અને સુનીલ શાહ

-ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ સુરતના આચાર્ય-કવી **મીત્ર શ્રી. મનસુખ નારીયા** (145-શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત-395 006 ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273 ઈ-મેઈલ : vu2mnariya@gmail.com)નો અને અક્ષરાંકન માટે સુરતના શીક્ષક **મીત્ર સુનીલ શાહ :** sunras2226@yahoo.co.inનો દીલથી આભાર..ઉત્તમ ગજ્જર..

●◆●

૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણને
બે વરસ પુરાં થયાં. આ બે વરસમાં 6,75,500 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં
http://www.gujaraitleixcon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને
પણ લેક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી
ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય
સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

*વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે* http://www.gujaraitleixcon.com *ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.*


આપ સૌના સહયોગ થકી **'સન્ડે ઈ-મહેફીલ'**ના 8,100 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર…અમારી **'સન્ડે ઈ-મહેફીલ'**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaraitleixcon.comi/ndex.php?aciton=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકોન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 140 – –February 10, 2008

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : **સુનીલ શાહ** sunras2226@yahoo.co.in

●◆●

● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

web site : [www.ameamericanamdavadi.com](http://www.ameamericanamdavadi.com)